# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 25-04-2024 સાંજે : 7.10 થી 7.20

વાર : ગુરુવાર

આકાશવાણી અમદાવાદ, વડોદરા.... પ્રાદેશિક સમાચાર અમિતા વાંઝા વાંચે છે.

---

- રાજયની લોકસભાની 25 બેઠકોની આગામી 7મી મે ના રોજ યોજાનારી ચૂંટણીમાં વધુ મતદાન થાય તે માટે વિવિધ સ્થળોએ મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.
- લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં આવતીકાલે 13 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 88 બેઠકો માટે મતદાન થશે.
- રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આણંદ જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે પ્રશિક્ષણ અને પ્રેરણા આપવાના અભિયાનનો આજે પ્રારંભ કરાવ્યો .
- એન્જિનિયરિંગ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની JEE-Mains પરીક્ષામાં 100 ટકા ગુણ મેળવનાર 56 વિદ્યાર્થીઓમાં રાજયના બે વિદ્યાર્થીઓનો સમાવેશ.
- રાજયની ખેતી નિયામકની કચેરી દ્વારા રાજયના ખેડૂતો માટે ઉનાળાની ઋતુને ધ્યાનમાં લઇને યોગ્ય કાળજી લેવા અનુરોધ કરાયો છે.

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## VOTING AWARENESS

ગુજરાતમાં આગામી સાતમી મે ના રોજ યોજાનારી લોકસભાની અને રાજય વિધાનસભાની પેટાચૂંટણી માં મહત્તમ મતદાન થાય તે માટે વહીવટી તંત્ર અને સામાજિક સંસ્થાઓ દ્વારા મતદાન જાગૃતિના કાર્યક્રમો યોજાઇ રહ્યા છે .

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા મતદાન જાગૃતિ માટે જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ઘર મુલાકાત અને સામુહિક શપથ કાર્યક્રમ યોજવામાં આવ્યા.

જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા SVEEP અંતર્ગત અસરકારક કાર્યવાહી કરવાના હેતુસર વિરમગામ, ધોળકા અને ધંધુકા ખાતે અનુદાનિત અને બિનઅનુદાનિત 257 શાળાઓના સંચાલકો સાથે MOU કરવામાં આવ્યા. આ ઉપરાંત મતદાન જાગૃતિ અંતર્ગત આંગણવાડીઓ દ્વારા ચાલતી SVEEPની પ્રવૃતિમાં 2128 આંગણવાડીમાં રંગોળી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કુલ 8728 લોકોએ રંગોળી તૈયાર કરવામાં ભાગ લીધો.

છોટાઉદેપુર જિલ્લાના હાસ્ય કલાકારો સ્થાનિક રાઠવી બોલીમાં મીમિક્રી વીડિયો બનાવી મતદાન અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં નાની દમણ ના એન્જિનિયરિંગ કોલેજ ખાતે સ્વીપ ની ટીમ દ્વારા નવા મતદારો ને મતદાન માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા . અને કચ્છમાં ભુજની BMCB નર્સિંગ કોલેજ ખાતે જિલ્લાની સ્વીપ ટીમ દ્વારા વિદ્યાર્થીઓને અચૂક મતદાનના સંકલ્પ લેવડાવ્યા હતા.

ચૂંટણી પંચ દ્વારા ૮૫ થી વધુ વયના વરિષ્ઠ મતદારો તેમજ દિવ્યાંગ મતદારોને બેલેટ દ્વારા ઘરેથી મતદાન કરવાની સુવિધા આપવામાં આવે છે. ત્યારે મોરબી જિલ્લામાં ૮૫ થી વધુ વયના વરિષ્ઠ મતદારોને ઘરેથી મતદાન કરવાની પ્રક્રિયાનો શુભારંભ કરવામાં આવ્યો છે.

ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ૩૨૯ ગ્રામ પંચાયતમાં મહેંદી અને રંગોળી દ્વારા મહિલા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયા હતા, તેમજ વેપારીઓ, ડોક્ટર્સ અને પ્રતિષ્ઠિત આગેવાનો સાથે મતદાર જાગૃતિ સંવાદ યોજાયો,

જ્યારે ભાવનગર જિલ્લામાં ગારીયાધાર તાલુકાની દેપલાપરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ માનવ સાંકળ બનાવી લોકશાહીના અવસરમાં અચૂક મતદાન કરવાનો પ્રેરક સંદેશ આપ્યો હતો.

ભાવનગર જિલ્લામાં યાત્રાધામ રાજપરા ખોડીયાર ખાતે ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના કેન્દ્રીય સંચાર બ્યુરો જુનાગઢ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાઇ ગયો . કાર્યક્રમમાં શેરી નાટકના માધ્યમ દ્વારા મનોરંજન સાથે હળવી શૈલીમાં મતદાર જાગૃતિનો સંદેશ પાઠવવામાં આવ્યો.

મહિસાગરના રિક્ષા ચાલકોએ મતદાનની જાગૃતિ માટે કલેક્ટર કચેરીથી રેલી યોજી. રેલીમાં 200 જેટલા રિક્ષા ચાલકો જોડાયા હતા, રિક્ષા પર મતદાનની જાગૃતિ માટેનાં પોસ્ટર લગાવી મતદાન જાગૃતિનો સંકલ્પ લીધા. તેમજ મતદાનના દિવસે મતદારને મતદાન મથક સુધી પહોંચાડવા માટે રિક્ષા ચાલકોએ વિના મૂલ્યે સેવા આપશે.

નર્મદા જિલ્લામાં સ્વીપ એક્ટિવિટી અંતર્ગત મતદાન જાગૃતિના કાર્યક્રમોના ભાગરૂપે દેડિયાપાડા અને સાગબારા તાલુકાની શાળાઓમાં સિગ્નેચર કેમ્પેઈન હાથ ધરાયું હતું.

## VDR_MATDAN APEAL

વડોદરાના નિૃવત્ત કર્નલ વિનોદ ફલનીકરે શહેરના મતદારોને મતદાન કરી લોકશાહીના પર્વને ઉજવવા અપીલ કરી હતી.. ૧૯૭૧ના યુદ્ધમાં કેટલાય પાકિસ્તાની સૈનિકોને હંફાવનારા રેજિમેન્ટના નિૃવત્ત કર્નલ ફલનીકરે વડોદરાના તમામ મતદારોને મતદાન કરી લોકશાહીના પર્વને ઉજવવા અપીલ કરી છે. વધુમાં તેમણે આ મુજબ જણાવ્યું.

(બાઇટ-કર્નલ ફૂલનીકર, નિવૃત્ત કર્નલ)

## LOK SABHA CANDIDATE LALUBHAI PATEL

લોકસભાના ઉમેદવાર લાલુભાઇ પટેલે આજથી કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે વણાકબારા ગ્રામ્યવિસ્તારથી પક્ષના પ્રચારનો પ્રારંભ કર્યો.

અમારા દીવના પ્રતિનિધિ જણાવે છે કે, ઉમેદવાર લાલુભાઇ પટેલે નગરપાલિકા વિસ્તારમાં દીવ શહેર ખાતે ફોરેન માર્કેટથી પ્રચાર ની શરૂઆત કરી, તેઓ દીવ શહેર માં વિવિધ વિસ્તારોમાં પ્રચાર કરશે.

## REV-SECOND-PHASE-ELECTION

લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં આવતીકાલે 13 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 88 લોકસભા બેઠકો માટે મતદાન થશે.

જેમાં કેરળની 20 બેઠકો, કર્ણાટકની 14 બેઠકો, રાજસ્થાનની 13 બેઠકો, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રની આઠ-આઠ બેઠકો, મધ્ય પ્રદેશની છ બેઠકો, આસામ અને બિહારની પાંચ-પાંચ બેઠકો, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢની ત્રણ-ત્રણ બેઠકો અને મણિપુર, ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીરમાં એક-એક બેઠક આ તબક્કામાં મતદાન થશે. મધ્યપ્રદેશના બેતુલ સંસદીય મતવિસ્તાર માટે મતદાન જે બીજા તબક્કામાં નિર્ધારિત હતું તે હવે BSP ઉમેદવારના નિધનને કારણે ત્રીજા તબક્કામાં યોજાશે.

દરમિયાન આગામી 13મી મે ના રોજ યોજાનારી લોકસભાની ચોથા તબક્કાની ચૂંટણી માટે ભરાયેલા ઉમેદવારીપત્રોની આવતીકાલે ચકાસણી કરાશે. ઉમેદવારી પત્રો 29મી એપ્રિલ સુધીમાં પરત ખેંચી શકાશે. આથી લોકસભાની 96 બેઠકો માટે કેટલા ઉમેદવારો ચૂંટણી જંગમાં છે. એ બાબત 29મી એપ્રિલે સ્પષ્ટ થશે.

ચોથા તબક્કામાં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને જમ્મુ અને કાશ્મીરની 96 બેઠકોની ચૂંટણી યોજાવાની છે.

## LAUNCH OF NATURAL AGRICULTURE CAMPAIGN

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આણંદ જિલ્લાના 100 ગામોમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે પ્રશિક્ષણ અને પ્રેરણા આપવાના અભિયાનનો આજે પ્રારંભ કરાવ્યો છે.

આ પ્રસંગે રાજયપાલે પર્યાવરણને નુકસાન પહોંચાડવા માટે રાસાયણિક ખેતીને જવાબદાર ગણાવીને, ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, કોટક મહિન્દ્રા બેન્ક દ્વારા કોર્પોરેટ સામાજિક ઉત્તરદાયિત્વ અંતર્ગત પ્રાકૃતિક કૃષિ અભિયાન શરૂ કરાયું છે. જેમાં રાજયમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિનો વ્યાપ વધારવાની પ્રવૃત્તિ ઉપરાંત શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ જતન અને સંવર્ધન, રમતગમત, કુદરતી હોનારતો વખતે રાહતકાર્ય સહિત વિવિધ 19 પ્રોજેક્ટો શરૂ કરાયા છે. આ પ્રોજેક્ટમાં કોટક મહિન્દ્રા બેન્ક દ્વારા આણંદ જિલ્લાના ખેડૂત સંગઠનોને સોઈલ ટેસ્ટિંગ કીટ પણ વિના મૂલ્યે અપાશે. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે આજે આણંદ જિલ્લાના ખેડૂતોને સોઇલ ટેસ્ટિંગ કીટ અર્પણ કરાઈ હતી.

## GOVERNOR NATURAL FARMING

રાજયપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું છે કે, ગુજરાતની ગૌશાળાઓ પ્રાકૃતિક ખેતીના કેન્દ્રો બનશે.

ડીસા તાલુકાના શેરપુરા ગામે સોમારપુરીજી મહારાજ ગૌશાળાના રજતજયંતિ મહોત્સવ પ્રસંગે તેમણે આ મુજબ જણાવ્યું હતું.

રાજયપાલે વર્તમાન સમયમાં પ્રાકૃતિક કૃષિ સાથે જોડાઇને દેશને પોષણયુક્ત અનાજ મળે, ખેડૂતોની આવક વધે, લોકો તંદુરસ્ત બને તે માટે ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળવા ખેડૂતોને અને પશુપાલકોને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ડીસા તાલુકાના શેરપુરા સહિતના સાત ગામના ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવવાનો સંકલ્પ લીધો હતો. રાજયપાલ આચાર્ય દેવવ્રતે સોમારપુરીજી મહારાજ ગૌશાળાએ પાંચ લાખ રૂપિયાનું દાન આપ્યું હતું.

## SAM PITRODA CONGRESSA

કોંગ્રેસના નેતા સામ પિત્રોડાએ અમેરિકામાં પૈતૃક સંપત્તિ પર કરવેરાના આપેલા વિવિદાસ્પદ નિવેદનને પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે વખોડ્યું છે.

પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે આજે પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે પત્રકાર પરિષદ યોજી હતી અને આ મામલે આકરી ટીકા કરી હતી.

## JEE MAIN _ RESULT

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ બુધવારે એન્જિનિયરિંગ પ્રવેશ માટેની JEE-Mains પરીક્ષાનું પરિણામ જાહેર કર્યું છે. પરિણામમાં 56 ઉમેદવારોએ 100 ટકા ગુણ મેળવ્યા છે. આ યાદીમાં ગુજરાતના બે વિદ્યાર્થીઓ, મીત પારેખ તેમજ હર્ષલ કાનાણી સામેલ છે. તો સુરત શહેરમાં માનવી મહેતા 99.99 પર્સેન્ટાઇલ સાથે પ્રથમ ક્રમાંકે છે. પરીક્ષાની બીજી આવૃત્તિ માટે 10 લાખથી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી.

## MORBI - MACHU

મોરબી ખાતે મચ્છુ ત્રણ ડેમનું રીપેરીંગ કામ હોવાથી  તેનો એક દરવાજો ખોલવામાં આવશે અને તારીખ 30 મી મે  સુધી સંપૂર્ણ ડેમ ખાલી કરવામાં આવશે અને ત્યારબાદ ડેમનું સમારકામ કરવામાં આવશે.

અમારા મોરબી જિલ્લાના પ્રતિનિધિએ સિંચાઇ અધિકારી સાથે વાત કરતાં જાણવા મળ્યું કે ડેમનો એક દરવાજો ખોલવો પાછળનું કારણ એ છે કે ,વધુ પાણી છોડવાથી મીઠાના અગરો નું નુકસાન થાય તેથી એક દરવાજો ખોલી અને ડેમ સંપૂર્ણ ખાલી કરવામાં આવશે આ પાણીથી ચેક ડેમો અને નદી  ભરાઈ જશે.અને આગામી તારીખ 8 થી જ્યારે મચ્છુ બે ડેમ રીપેરીંગ નું કામ ચાલુ થશે ત્યારે આ ડેમ ફરી ભરાઈ જાય તેવું આયોજન કરવામાં આવ્યુ છે,

## THE WEATHER

રાજયમાં ઘણા સ્થળોએ મહત્તમ અને લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં એક થી બે ડીગ્રી વધુ નોંધાયું છે. સૌથી વધુ 42 ડીગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન વલ્લભવિદ્યાનગરમાં નોંધાયું છે. આ ઉપરાંત અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર,

અમદાવાદદ, અને વડોદરામાં 41 ડીગ્રી ગાંધીનગરમાં 40, ભૂજ, ડીસા અને સુરતમાં 39, જયારે ભાવનગર, કંડલા એરપોર્ટ, અને કેશોદમાં 38 ડીગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન નોંધાયું છે. આ જ સમયગાળામાં ઘણી જગ્યાએ લઘુત્તમ તાપમાન 21 થી 28 ડીગ્રી સેલ્સીયસ નોંધાયું હતું.

હવામાન વિભાગની યાદીમાં જણાવ્યું છે કે, આગામી 4 – 5 દિવસ સુધી તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર થવાની સંભાવના ઓછી છે.